પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૧ | ૧૨ એપ્રિલ, ૨૦૨૨, મંગળવાર; ચૈત્ર સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# શાહબાઝ શરીફ પાક.ના નવા વડાપ્રધાન

**અંતે પાકિસ્તાનમાં રાજકીય અરાજકતા વચ્ચે ૧૭૪ સાંસદોના સમર્થન સાથે નવા વડાપ્રધાન ચૂંટાયા : ઈમરાન ખાનની પાર્ટીએ ગૃહનો બહિષ્કાર કરતા શરીફ સામે શાહ મહેમૂદ કુરૈશીને એક પણ મત ન મળ્યો, શાહબાઝ પણ કાશ્મીરનો મુદ્દો નહીં છોડે**

ઈસ્લામાબાદ, તા.૧૧

પીએમએલ-એનના વડા શાહબાઝ શરીફ પાકિસ્તાનના નવા વડાપ્રધાન બનશે. સંસદમાં મતદાન પહેલાં, ઈમરાન ખાનની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફના તમામ સાંસદોએ રાજીનામાની જાહેરાત કરીને ગૃહનો બહિષ્કાર કર્યો હતો. શનિવારે મોડી રાત્રે ઈમરાન ખાન વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ પસાર થયા બાદ દેશના નવા વડાપ્રધાનને લઈને અટકળોનું બજાર ગરમ હતું. ઈમરાન ખાન વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવમાં વિપક્ષે ૧૭૪ સાંસદોનું સમર્થન મેળવ્યું હતું. સોમવારે નવા પીએમ માટેની ચૂંટણીમાં વિપક્ષના



ચહેરા તરીકે શાહબાઝ શરીફનું નામ લગભગ નિશ્ચિત હતું. તે જ સમયે, પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ પાર્ટી તરફથી શાહ મહેમૂદ કુરૈશીનું નામ પણ વડાપ્રધાનની રેસમાં જણાવવામાં આવી રહ્યું હતું. અંતે પીએમએલ-એનના વડા શાહબાઝ શરીફ પાકિસ્તાનના નવા વડાપ્રધાન તરીકે ચૂંટાયા છે. પાકિસ્તાનની નેશનલ એસેમ્બલીમાં થયેલા વોટિંગ દરમિયાન શાહબાઝને ૧૭૪ વોટ મળ્યા હતા. તે જ સમયે, વિપક્ષના ઉમેદવાર શાહ મહેમૂદ કુરેશીને એક પણ વોટ મળ્યો નથી. વોટિંગ પહેલા ઈમરાન ખાનની પાર્ટી પીટીઆઈએ તમામ સાંસદોના રાજીનામાની જાહેરાત કરતા ગૃહનો બહિષ્કાર કર્યો હતો. આ દરમિયાન નેશનલ એસેમ્બલીની અધ્યક્ષતા અયાઝ સાદિક દ્વારા કરવામાં આવી હતી.

પાકિસ્તાનની સંસદમાં નવા વડાપ્રધાન માટે મતદાન થયું હતું. શાહબાઝ શરીફ સંયુક્ત વિરોધ પક્ષના ઉમેદવાર હતા, જ્યારે ઈમરાનની પાર્ટીએ શાહ મહેમૂદ કુરેશીને મેદાનમાં ઉતાર્યા હતા. વોટિંગ પહેલા ઈમરાન ખાનની પાર્ટી પીટીઆઈના તમામ સાંસદોએ રાજીનામાની જાહેરાત કરીને ગૃહનો બહિષ્કાર કર્યો છે. આવી સ્થિતિમાં શાહબાઝ શરીફની વડાપ્રધાન પદ માટે ચૂંટણી નિશ્ચિત માનવામાં આવી રહી હતી જ.

## ઈમરાનનો સંસદમાં બેસવા ઈનકાર

**ઇમરાને પાકિસ્તાન તહરીક-એ-ઇન્સાફની સંસદીય દળની બેઠકમાં કહ્યું કે તે ચોરો સાથે નહીં બેસે, પીટીઆઈના સાંસદોના સામૂહિક રાજીનામાનો નિર્ણય**

ઈસ્લામાબાદ, તા.૧૧

પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને જાહેરાત કરી છે કે તેઓ કોઈપણ સંજોગોમાં સંસદમાં નહીં બેસશે. પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફની સંસદીય દળની બેઠકમાં ઈમરાન ખાને કહ્યું કે તેઓ ચોરો સાથે નહીં બેસે. કહેવામાં આવી રહ્યું છે કે આ બેઠકમાં પીટીઆઈના તમામ સાંસદોના સામૂહિક રાજીનામાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દરમિયાન આજે શાહબાઝ શરીફ પાકિસ્તાનના નવા વડાપ્રધાન બને એમ હોવાનું મનાય છે. આ દરમિયાન ઘણા સાંસદોએ પણ રાજીનામા આપવાનું શરૂ કરી દીધું છે. જિયો ન્યૂઝે સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે, અમે કોઈ પણ સંજોગોમાં સંસદમાં બેસીશું નહીં. તેમણે કહ્યું કે પીટીઆઈના સાંસદો એવા ચોરો સાથે નહીં બેસે જેમણે પાકિસ્તાનને લૂંટ્યું છે.

જેમને વિદેશી શક્તિઓ દ્વારા આયાત કરવામાં આવ્યા છે. માનવામાં આવે છે કે ઈમરાન ખાને સેના અને સુપ્રીમ કોર્ટ પર દબાણ લાવવા માટે આ નિર્ણય લીધો છે. દરમિયાન સૂત્રોએ એમ પણ જણાવ્યું કે મોટાભાગના સાંસદોએ રાજીનામાનો વિરોધ કર્યો છે. તેમણે કહ્યું કે આપણે મજબૂત વિપક્ષની જેમ કામ કરવું જોઈએ.

પાકિસ્તાનના વિપક્ષના નેતા શાહબાઝ શરીફ સોમવારે પાકિસ્તાનના નવા વડા પ્રધાન તરીકે ચૂંટાઈ શકે છે જ્યારે સંયુક્ત વિપક્ષે અવિશ્વાસ પ્રસ્તાવ દ્વારા ઈમરાન ખાનને સત્તા પરથી હટાવ્યા હતા. વડાપ્રધાનની પસંદગી માટે સોમવારે પાકિસ્તાનની નેશનલ એસેમ્બલીનું સત્ર બોલાવવામાં આવશે. પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝના પ્રમુખ શરીફ, ૭૦, અને પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ



(પીટીઆઈ) ના ઉપાધ્યક્ષ અને ભૂતપૂર્વ વિદેશ પ્રધાન શાહ મહેમૂદ કુરેશીએ રવિવારે આ પદ માટે ઉમેદવારી પત્ર ભર્યું હતું. ડૉન સમાચારના અહેવાલ મુજબ, કેબિનેટ વિભાગે સંઘીય કેબિનેટના ૫૨ સભ્યો, ૨૫ સંઘીય મંત્રીઓ, ચાર રાજ્ય મંત્રીઓ, વડાપ્રધાનના ચાર સલાહકારો અને ૧૯ વિશેષ સહાયકોને બિન-સૂચિત કર્યા છે.

શરીફ, જેઓ રવિવારે ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાન વિરુદ્ધ સંયુકત વિપક્ષ દ્વારા ઐતિહાસિક અવિશ્વાસ પ્રસ્તાવ પછી ટોચ પર પહોંચે તેવી શક્યતા છે, તેમણે જણાવ્યું હતું કે નવા કેબિનેટની રચના તમામ સાથી પક્ષો સાથે ચર્ચા કર્યા પછી જ કરવામાં આવશે.

## ક્રૂડના ભાવમાં ૨૪ ટકાનો ઘટાડો

નવી દિલ્હી, તા.૧૧

ક્રૂડ ઓઈલના ભાવમાં વધારાની સાથે દેશમાં પેટ્રોલ, ડીઝલ અને સીએનજીના ભાવમાં એટલો વધારો થયો કે નાગરિકોમાં હાહાકાર મચી ગયો છે. તમામ ક્ષેત્રે મોંઘવારીનો માર સહન કરતા લોકો માટે હવે એક રાહત સમાન સમાચાર છે. ક્રૂડ ઓઈલનો ભાવ કેટલાક સમયથી સતત ઘટી રહ્યો છે અને ટોચ પરથી લગભગ ૨૪ ટકા નીચે આવી ગયો છે. તેના કારણે રોજેરોજ પેટ્રોલ-ડીઝલના વધતા ભાવમાં રાહત મળશે.

**પેટ્રોલ-ડિઝલ સસ્તા થઈ શકે : એક સમયે ક્રૂડનો ભાવ બેરલ દીઠ ૧૩૦ ડોલરની ઉપર જતો રહ્યો હતો જે હવે ઘટીને ૧૦૦ ડોલરથી પણ નીચે**

એક સમયે ક્રૂડનો ભાવ બેરલ દીઠ ૧૩૦ ડોલરની ઉપર જતો રહ્યો હતો જે હવે ઘટીને ૧૦૦ ડોલરથી પણ નીચે આવી ગયો છે. તેના કારણે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ ભાવવધારાને બ્રેક મારે તેવી શક્યતા છે. સૂત્રોએ જણાવ્યું કે ઓઈલ માર્કેટિંગ કંપનીઓની અંદર રિકવરી ઘટી છે.

એક અધિકારીએ કહ્યું કે પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારવાની એક મર્યાદા હતી. જે કરવાનું હતું તે થઈ ગયું છે. હવે વધુ ભાવવધારાની શક્યતા નથી. બજાર અત્યારે વોલેટાઈલ છે અને ડોલર કઈ દિશામાં જશે તે નક્કી નથી.

૭ એપ્રિલે ભારત માટે ક્રૂડ ઓઈલનો ભાવ ૯૭.૫૯ ડોલર પ્રતિ બેરલ થયા બાદ તે દિવસથી જ પેટ્રોલ અને ડીઝલનો ભાવવધારો અટકાવી દેવાયો હતો. માર્ચના મધ્યમાં ભાવ ૧૩૦ ડોલરે હતો જે લગભગ ૨૪ ટકા ઘટ્યો છે.

## ભારતે એન્ટી ટેન્ક મિસાઈલ હેલિનાનું સફળ પરીક્ષણ કર્યું

**હેલિના સિસ્ટમમાં દિવસ અને રાત્રે દરેક મોસમમાં એટેક કરવાની ક્ષમતા છે, મિસાઇલ સીધા લક્ષ્યને ભેદી શકે છે**

નવી દિલ્હી, તા.૧૧

'ભારતે સોમવારે સ્વદેશી રશિયાથી વિકસિત એન્ટી ટેક્ર



ગાઈડેડ મિસાઈલ (એટીજીએમ) હેલિનાનું સફળ પરીક્ષણ કર્યું છે. આ મિસાઈલનું પરીક્ષણ ધ્રુવ એડવાન્સ લાઈટ હેલીકોપ્ટરથી ઉંચાઈ પર સફળતાપૂર્વક કરવામાં આવ્યું છે. રક્ષામંત્રાલયે સોમવારે કહ્યું કે તાજા લોન્ચ બાદ હવે હેલીકોપ્ટરની સાથે હથિયારોના એકીકરણનો માર્ગ મોકળો બની ગયો છે. આ મિસાઈલ લોન્ચ રાજસ્થાનમાં પોખરણ ફાયરિંજ રેન્જમાં કરવામાં આવી છે. હેલિના કે હેલીકોપ્ટર આધારિત નાગ મિસાઈલ સાત કિમી દૂર સુધી લક્ષ્ય પર હુમલો કરી શકે છે. રક્ષામંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે, ઈન્ફ્રારેડ ઈમેજિંગ સીકર સિસ્ટમ દ્વારા સંચાલિત ફાયર એન્ડ ફોરગેટ મિસાઈલને સફળતાપૂર્વક ઉચ્ચ ઉંચાઈ પર એક નકલી ટેક્ર લક્ષ્યને નિશાન બનાવવામાં આવ્યું.

● અનુસંધાન પાન-૭ પર

## સેન્સેક્સમાં ૪૮૩, નિફ્ટીમાં ૧૦૩ પોઈન્ટનું ગાબડું પડ્યું

**આરબીઆઈએ તેની નાણાકીય પોલિસી જાહેર કર્યા બાદ શુક્રવારે શેર બજારમાં જોરદાર તેજી જોવા મળી હતી**

મુંબઈ, તા.૧૧

સોમવારે એક દિવસના ટ્રેડિંગ પછી, બોમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શેરનો ઈન્ડેક્સ સેન્સેક્સ ૪૮૩ પોઈન્ટ અથવા ૦.૮૧ ટકા ઘટીને ૫૮,૯૬૫ પર બંધ થયો હતો, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ઈન્ડેક્સ ૧૦૩ પોઈન્ટ અથવા ૦.૫૮ ઘટી ગયો હતો. ૧૭,૬૮૧ના સ્તરે બંધ રહ્યો હતો.

સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ દિવસે શેરબજાર ઘટાડા સાથે ખુલ્યું હતું અને અંતે એક દિવસના ટ્રેડિંગ પછી લાલ નિશાન પર બંધ થયું હતું. બોમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શેરનો ઈન્ડેક્સ સેન્સેક્સ ૪૮૩ પોઈન્ટ અથવા ૦.૮૧ ટકાના ઘટાડા સાથે ૫૮,૯૬૫ પર બંધ થયો હતો, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ઈન્ડેક્સ ૧૦૩ પોઈન્ટ અથવા ૦.૫૮ ટકા ઘટીને ૧૭,૬૮૧ પર બંધ થયો હતો. અગાઉ, નબળા વૈશ્વિક સંકેતો વચ્ચે બીએસઈ સેન્સેક્સ ૨૦૩ પોઈન્ટ અથવા ૦.૩૪ ટકા ઘટીને ૫૯,૨૪૪ પર ખુલ્યો હતો, જ્યારે એનએસઈ નિફ્ટી ઈન્ડેક્સ ૪૬ પોઈન્ટ અથવા ૦.૨૬ ટકા ઘટીને ૧૭,૭૩૮ પર ખુલ્યો હતો. બજાર ખુલતાની સાથે જ લગભગ ૧૭૩૦ શેરમાં વધારો થયો હતો, ૫૮૪ શેર ઘટ્યા હતા, જ્યારે ૧૪૧ શેરમાં કોઈ ફેરફાર થયો ન હતો.

## ઝારખંડમાં રોપ-વે ટ્રોલીઓ સામ-સામે ટકરાતાં એકનું મોત

**ઝારખંડની ત્રિકૂટ પહાડીઓની કમનસીબ ઘટના : ઘટના ટેકનિકલ ખામીના કારણે બની હોવાનું જણાય છે જેના કારણે કેબલ કારની ટક્કર થઈ**

દેવઘર, તા.૧૧

ઝારખંડના દેવઘરમાં ત્રિકૂટ પહાડીઓ પર રોપ-વેની ટ્રોલિયો સામસામે અથડાતા ૧૦ વ્યક્તિ ઘાયલ થયા છે અને એક મહિલાનું મૃત્યુ થઈ ગયું છે. ઘણા લોકો હજુ પણ ઉપર ફસાયેલા છે. ઘાયલ થયેલા લોકોને સારવાર માટે દેવઘર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જોકે, ઘટના સ્થળ પર બચાવ અભિયાન ચાલું છે. એક અધિકારીએ જણાવ્યું છે કે, આ ઘટના ટેકનિકલ ખામીના કારણે બની હોવાનું જણાય છે જેના કારણે કેબલ કારની ટક્કર થઈ હતી.

જોકે, આ દુર્ઘટનાનું સ્પષ્ટ કારણ હજુ જાણવા નથી મળ્યું. અધિકારીએ કહ્યું કે, ઘટના બાદ કેબલ કારમાંથી કૂદવાના પ્રયત્નમાં પતિ-પત્ની ગંભીર રીતે ઘાયલ થયા છે અને તેમને એક હોસ્પિટમાં દાખલ કરવામાં આવ્યા છે.

દેવઘરના ડેપ્યુટી કમિશનર મંજુનાથ ભજંત્રીએ જણાવ્યું હતું કે, બચાવ કામગીરી માટે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (દ્નઙ્ઘઇહ્લ)ની એક ટીમ ઘટનાસ્થળે તૈનાત કરવામાં આવી છે. તેમણે જણાવ્યું કે, સ્થાનિક લોકો પણ



બચાવ અભિયાનમાં એનડીઆરએફની મદદ કરી રહ્યા છે. ડેપ્યુટી કમિશનરે લોકોને અફવા ન ફેલાવાની અપીલ કરતા કહ્યું કે, સ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં છે. કેટલાક લોકો હજુ પણ રોપ-વેમાં કેબલ કારોમાં ફસાયેલા છે અને તેમને બચાવવામાં આવી રહ્યા છે. તમામ પ્રવાસીઓને સુરક્ષિત બહાર કાઢવામાં આવી રહ્યા છે.

દેવઘરમાં થયેલા ત્રિકૂટ રોપ-વે દુર્ઘટના પર સાંસદ નિશિકાંત દૂબેની પણ પ્રતિક્રિયા સામે આવી છે. તેમણે કહ્યું કે, તેઓ ત્રિકૂટ રોપ-વે દુર્ઘટનામાં ઘાયલ થયેલા લોકોના પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરે છે.

## ઠંડા પીણાં માટે પ્લાસ્ટિક સ્ટ્રોને મંજૂરી આપવા સરકારનો ઈનકાર

નવી દિલ્હી, તા.૧૧

દેશમાં આગામી પહેલી જુલાઈથી સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ લાગુ થવા જઈ રહ્યો છે. અનેક દેશી-વિદેશી બેવરેજ કંપનીઓએ પ્લાસ્ટિક સ્ટ્રોને તેમાં છૂટ આપવાની માગ કરી હતી પરંતુ સરકારે તેને ઠુકરાવી દીધી છે. આ કારણે પેપ્સી અને કોકાકોલા સહિતની અનેક કંપનીઓનું વેચાણ પ્રભાવિત થવાની આશંકા છે.

## ૨૭ જંતુનાશકો પર પ્રતિબંધની સંભાવના : કપાસના પાકને જોખમ


**છોડનું રક્ષણ કરતા રસાયણોની ઉપલબ્ધતા પર અસર કરશે**

નવી દિલ્હી, તા.૧૧

કૃષિ મંત્રાલય દ્વારા ૨૭ જેનેરિક એગ્રો-કેમિકલ્સ (કૃષિ-રસાયણો) પર સૂચિત પ્રતિબંધ દેશમાં છોડનું રક્ષણ કરતા રસાયણોની ઉપલબ્ધતા પર માઠી અસર કરશે, કારણ કે આ જંતુનાશક અને રસાયણો દેશના કુલ કૃષિ રસાયણના વપરાશમાં ૫૦ ટકા હિસ્સો ધરાવતા મોલીક્યુલર્સ છે, એવું કૃષિ ખરીદ અને વિતરણ સાથે જોડાયેલા અગ્રણીઓનું માનવું છે.

સૌથી મોટી ચિંતા ગુજરાતના કપાસના ખેડૂતો માટે છે. કેન્દ્ર સરકાર જે કેમિકલ્સ ઉપર પ્રતિબંધ મુકવા જઈ રહી છે તેમાં પેન્ડિમિથેલિનનો સમાવેશ થાય છે. અત્યારે વિશ્વમાં આ દવાનો કોઈ વિકલ્પ નથી. કપાસના પાકને સંભવિત રીતે કોઈ જંતુના આક્રમણથી બચવવા માટેનીકૃષિ વિશ્વવિદ્યાલયોએ કરી છે. જોકે સરકાર હવે ભારતમાં પેન્ડિમિથેલિનના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાની દરખાસ્ત રજૂ કરી છે, પણ હજુ પણ આ રસાયણ વપરાશમાં છે અને અમેરિકા, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, મેક્સિકો, જાપાન, કોલંબિયા, ચીનમાં એનો બહોળો ઉપયોગ થાય છે. કપાસના પાક માટે મોટા ભાગના જંતુનાશકો પર સૂચિત પ્રતિબંધથી એકરદીઠ વાવેતરના કાચા માલના ખર્ચમાં બમણો વધારો થઈ શકે છે. જ્યારે અહમદ નગરના રાહુરીમાં મહાત્મા ફૂલે કાશી વિદ્યાપીઠે ભલાણણ કરેલા પ્રેક્ટિસના પેકેજ મુજબ હાલના જંતુનાશક (એસિફેટ)નો છંટકાવ એક વાર કરવાનો કુલ ખર્ચ એકરદીઠ રૂ. ૪૫૦ આવે છે, ત્યારે પંજાબ કૃષિ વિશ્વવિદ્યાલય દ્વારા સૂચિત વૈકલ્પિક ઉત્પાદનોના છંટકાવનો ખર્ચ વધીને એકદીઠ રૂ. ૯૫૦ આવશે, જેનાથી આંતરિક ચીજવસ્તુઓ માટેનો ખર્ચ લગભગ બમણો થઈ જશે.

**પાલતું બિલાડુ ખોવાયેલ છે**



નામ : રાફા (RAFA)

સેક્ટર-૨૯, હૂસેની ચોક પાસેથી તા. ૮ એપ્રીલ સાંજથી ગુમ થયેલ છે. જે કોઈને માહિતી હોય આ નંબર પર સંપર્ક કરવો. યોગ્ય બદલો આપવામાં આવશે.

**Mo. 96240 41067**

શરતચૂકથી ગઈકાલની જાહેરાતમાં ફોન નંબર ખોટો છપાયો હતો.




**'આર્ષ' સંશોધન કેન્દ્ર**

**અક્ષરધામ, સેક્ટર-૨૦ ગાંધીનગર**

**ભરતી માટેની જાહેરાત**

'આર્ષ' સંશોધન કેન્દ્ર, અક્ષરધામ, ગાંધીનગર ગુજરાત સરકારશ્રી દ્વારા સ્થાપિત તેમજ યુ.જી.સી. માન્યતા પ્રાપ્ત શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી, વેરાવળ સંલગ્ન સ્વનિર્ભર સંશોધન સંસ્થા માટે સંસ્કૃત માધ્યમમાં સંશોધનની કામગીરી કરાવી શકે તેવા નીચે જણાવેલ જગ્યાઓ માટે ભારતીય નાગરિકો પાસેથી આવેદનપત્ર આમંત્રિત કરવામાં આવે છે.

**પ્રોફેસર-૧ : વિષય : સ્વામિનારાયણ વેદાંત-વ્યાકરણ**

**પ્રોફેસર-૧ : વિષય : સ્વામિનારાયણ વેદાંત-ન્યાય**

**સૂચનાઓ :** (૧) નોકરી કરતા ઉમેદવારોએ સંસ્થાના વડા મારફત અરજી મોકલવી. (૨) ઉમેદવારે પોતાની અરજી જાહેરાત પ્રસિદ્ધ થયાના ૧૫ દિવસમાં સંપૂર્ણ વિગતો સાથે રજી.એ.ડી.થી, નિયામકશ્રી, 'આર્ષ સંશોધન કેન્દ્ર, અક્ષરધામ સેકટર-૨૦ ગાંધીનગરને તા.૨૬-૦૪-૨૦૨૨ સુધીમાં મોકલવાની રહેશે, સમય મર્યાદા બાદ આવેલ અરજી અમાન્ય રહેશે. (૩) નિમણૂંક પામનાર ઉમેદવારને યુનિવર્સિટી તેમજ સંસ્થાના વખતોવખતના બધા નિયમો બંધનકર્તા રહેશે.(૪) જે ઉમેદવારની અરજી માન્ય રહેશે તેઓના નામની યાદી તા.૨૭-૦૪-૨૦૨૨ના રોજ research.baps.org/professor-application વેબસાઈટ પર મુકવામાં આવશે.(૫) માન્ય રહેલા ઉમેદવારમાં ઈન્ટરવ્યુ તા.૨૯-૦૪-૨૦૨૨ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી,રાજેન્દ્રભુવન રોડ,વેરાવળ ખાતે આયોજિત કરવામાં આવશે જેમની દરેક ઉમેદવાર નોધ લેવી (૬) અરજી કરવા માટેનું નિયત નમુનાનું ફોર્મ તથા જરૂરી સુચના research.baps.org/professor-application વેબસાઈટ પરથી મળશે.

**નિયામકશ્રી,**

**'આર્ષ સંશોધન કેન્દ્ર, ગાંધીનગર**